સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કોઈ પણ ઘટે ઘટના પછી જ તંત્ર જાગે છે,
દરેક કામ માટે નિશ્ચિત હ્યા, તંત્ર જાગે છે.
ભાગે જવાબદારીથી ચલાવે લોલંલોલ તંત્ર -
કાયદેસર હોય બધું છતાંય તંત્ર ઠાંગે છે...

હાઈકુ

હ્યા ઉઘઈ -
કરે સાવ ખોખલું -
ને તંત્ર પોલું...

ઉપરથી તો
દેખાય રૂપકડું
તંત્ર છે બોદું...

ચિંતન

तदात्मानात्मनो : सम्यग्विवेकेनैव सिध्यति ।
ततो विवेकः कर्तव्य प्रत्यगात्मासदात्मनोः ॥

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત-સારસંગ્રહ સિદ્ધાંતમાંથી લેવામાં આવેલ છે.

આત્મા અને અનાત્માનો વિવેક કરવાથી જ એ (બ્રહ્મ અને આત્માની એકતા) સિદ્ધ થાય છે, માટે સ્વસ્વરુપ આત્મા એન ખોટી રીતે આત્મા થઈ બનેલાં એ (બુદ્ધ વગેરે) નો વિવેક કરવો જોઈએ.

સંસારી જીવોના શરીરમાં બધામાં 'આત્મા' તો જ પણ એ બધા પરમાત્મા કે બ્રહ્મ નથી - પરમહંસ પરમાત્મા થવા માટે જીવની જાગૃતિ જરૂરી છે. એ જાગૃતિથી જ 'વિવેક' આવે છે. સાચાં કે ખોટાં કર્મોનો નિર્ણય એ 'વિવેક' છે. આ જીવ-આત્મા પરમ બ્રહ્મને રસ્તે છે જ્યારે અનાત્મા પશુઓ - અજ્ઞાની જીવોમાં મરજી મુજબ ખાતું-પીવું-સૂવું અને આચરવુંમાં માને છે.

સુવિચાર

- તમારા પાસે કેટલું સારું ભાગ્ય આવે છે, તે તમારા કર્મ કરવા પર આધારિત છે - **બાર્બરા શેરીત**
- તમને શું જોઈએ છે તેવું પૂછવા કે માપવા આજ સુધી કોઈ કસોટી કે સાધન શોધાયાં નથી - **સંત રિચાર્ડ**
- જો તમે તમારા સ્વયંનું મન પરિવર્તન ન કરી શકો તો તમને તેની જરૂર જ શું છે? - **સચ્ચિદાનંદજી**
- મહાન માણસો એ સ્વયંના જોરે અને વિશ્વવતી જોખમ લીધા છે,
  અને તેને કારણે જ તેઓ વિશ્વમાં પુરસ્કૃત થયા છે - **અખંડ આનંદ**
- મેં કયારેય ખરાબ લોકો પાસે દેવદૂત આવતા નથી જોયા - **ટોની બુઝાન**
- આનંદ મેળવવાનો સરળ ઉપાય છે - બાળકો ઉછેરવાંમાં મન પરોવવું - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : વડના પાનની પેસ્ટ બનાવી દાઝ્યા ઉપર લગાડવાથી બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક રાજા હતો. તે દયાળું, ન્યાયી અને વિચારશીલ હતો. પોતાના રાજયમાં તે વિદ્વાનો, કવિઓ અને સાહિત્યકારોને ખૂબ પ્રોત્સાહન આપતો. એમના રાજયમાં કોઈ વિદ્વાન કે કવિ કે સાહિત્યકાર કયારેય ગરીબીનો અહેસાસ ન કરતો. ધનનું દાન છૂટા હાથે કરવાથી રાજયનો ખજાનો ખાલી થવા લાગ્યો હતો. બીજાં પ્રજાકલ્યાણના કામ કરવામાં રાજ ધનની તંગી વર્તાવા લાગી હતી. આ વાતની જાણ કરવા મંત્રીએ રાજાને કહ્યું, 'રાજન !! તમારા પૂર્વજોએ ખૂબ ધન એકઠું કર્યું છે. ખજાનો જો આપ ખુલ્લા હાથે આ રીતે લૂંટાવતા રહેશો તો રાજકોષ ખાલી થઈ જશે. આ બાબત ગંભીર હોવાથી તાત્કાલિક ધ્યાન દેવું જરૂરી છે.' રાજાએ મંત્રીને ઉત્તર આપતા કહ્યું, 'હું જે કંઈ કરું છું તે સમજી વિચારીને કરું છું. તમે કહો છો કે પૂર્વજોએ આટલું કર્યું પરંતુ શું હું એ ખજાનાનો ચોકીદાર છું ?' રાજાએ મંત્રી સમજાવતા કહ્યું, 'મંત્રીજી, હું ચોકીદાર નથી પણ હું તો રાજા છું. ચોકીદારનું કામ રખેવાળીનું છે. જે ખજાનો ભરેલો છે તેની રખેવાળી કરવી. જો મારા પિતાએ મને ચોકીદાર બનાવ્યો હોત તો હું એક પૈસા પણ ખર્ચ ન થવા દેત. ચોરી પણ ન થવા દેત. પરંતુ હું ચોકીદાર નથી હું માલિક છું, હું ખજાનાને ભરી પણ શકું છું ખાલી પણ કરી શકું છું. માલિક હોવું બહુ મુશ્કેલ છે. મોટાભાગના લોકો ચોકીદારનું કામ કરે છે, જો મારા ધન દાનથી રાજયના વિદ્વાનો, સાહિત્યકારો ખુશ રહે છે તો તેનાથઈ વધુ સારી વાત મારા માટે શું હોઈ શકે?' મંત્રીને વિદ્વાનોની મહત્તાની ખબર પડી અને તેમણે રાજાની પ્રશંસા કરી.

કોંગ્રેસ ફરી પાછી સોનિયાની શરણમાં

તંત્રીસ્થાનેથી...

લોકસભાની ચૂંટણીમાં કારમા પરાજય પછી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ નૈતિક જવાબદારી લઈ પ્રમુખપદેથી ખસી જવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને સાંસદો તેમજ પાર્ટીના વરિષ્ઠ અગ્રણીઓના આગ્રહ છતાં પોતાનો નિર્ણય બદલવા તૈયાર નથી. નહેરુ-ગાંધી પરિવારના ઓછાયા હેઠળ જીવવા અને મરવા ટેવાયેલા કોઈ સાંસદને કોંગ્રેસનું નેતૃત્વ પણ સોંપી શકાય એ મુદ્દે ચર્ચા કરવાની પણ કોઈની તૈયારી નથી. શશી થરૂરે સામે ચાલીને લોકસભામાં પાર્ટીના નેતા તરીકે જવાબદારી સ્વીકારવાની તૈયારી દર્શાવી છતાં એને ગણકાર્યા વિના સંસદીય દળનાં નેતા તરીકે સોનિયા ગાંધી પર પસંદગી ઉતારવામાં આવી છે તે જ શું બિટવિન ધ લાઈન્સ કોંગ્રેસની પરિવાર પરસ્તીનું પ્રમાણ નથી ? ફક્ત કોંગ્રેસના સાંસદો જ નહીં, ખુદ ગાંધી પરિવા પણ સત્તાનો મોહ છોડવા તૈયાર નથી એટલે રાહુલ ગાંધી ન માને તો એમનાં બીમાર માતાને એ પદ પર આરૂઢ કરી પાર્ટીની સત્તાનું કેન્દ્ર ખસી ન જાય એ જોવા કૃતસંકલ્પ છે. રાહુલ ગાંધીની અમેઠીની પરંપરાગત પારિવારિક બેઠક પરથી હાર થયા પછી પણ તેઓ દક્ષિણ ભારતના વાયનાડ બેઠક જીત્યા હોઈ સંસદીય પક્ષનું નેતૃત્વ કરી શકે એમ હતા. પરંતુ અમેઠીની હારનો આઘાત એટલો ઊંડો છે કે રાહુલ ગાંધી સંસદ સભ્ય બની ગયા હોવા ચતાં સતત હારેલા નેતાની જ માનસિકતાથી પીડાતા રહેશે. કોંગ્રેસને અધિકૃત વિપક્ષ પદ માટે જરૂરી કુલ બેઠકોના દસમા ભાગની બેઠકો પ્રાપ્ત નથી થઈ એટલે મોદી કે શાહ એમને એવું ગૌરવ તો મળવા દેવાના જ નથી. ગઈ લોકસભામાં સોનિયા અને રાહુલ ગાંધી બેઉ ચૂંટાયાં હોવા છતાં દક્ષિણના નેતા મલ્લિકાર્જુન ખડગેને સંસદીય પક્ષના નેતા બનાવાયા હતા. એમને અધિકૃત વિપક્ષના નેતા તરીકે સ્વીકારવાની લાખ વિનંતીઓ અને ધમપછાડા છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રૂંવાડું સુધ્ધાં નહોતું ફરક્યું. ખડગે ધોતીપ્રસાદ જૂની પેઢીના કાકા જેમ લાગતા હતા અને સંસદમાં રાક્ષસી બહુમતી ધરાવતી ભારતીય જનતા પાર્ટીએ એમને કયારેય ગંભીરતાથી નહોતા લીધા. લોકપાલની નિમણૂકમાં પણ એમનો અભિપ્રાય નહોતો લેવાયો. હવે જયારે નવી લોકસભામાં કોંગ્રેસ નેતૃત્વ વિહોણી બની ગઈ છે ત્યારે જેમણે લગભગ ક્ષેત્ર સંન્યાસની જાહેરાત કરી દીધેલી એવાં વિચિત્ર અને રહસ્યમય બીમારી માટે વારંવાર અમેરિકાની જાણીતી કેન્સર હોસ્પિટલમાં દાખલ થતાં રહેતાં સોનિયા ગાંધીને સંસદીય પક્ષનું સુકાન સોંપવાનો નિર્ણય લેવાયો છે. કોંગ્રેસ માટે આ ઘણી જ કમનસીબ બાબત છે. કયારેક સોનિયા ગાંધી નેતૃત્વ હેઠળ જ કોંગ્રેસ ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠી થઈ ગઈ હતી એ જ રીતે ફરી એકવાર એ સોનિયા ગાંધીની તિલસ્મી નેતાગીરી હેઠળ પુનરુત્થાન પામશે એ વાત ઝટ ગળે ઊતરે એમ નથી. સામે નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા કસાયેલા નેતાઓ છે જેમને ગ્રાસરૂટ સ્તરના કાર્યકરો સાથે સીધો સંવાદ છે. સોનિયાને સૌથી પહેલાં તો એમનું ઈટાલીયન ગોત્ર જ નડશે; વળી પારિવારિક પાર્ટી તરીકેની કોંગ્રેસની છાપ એમના નામે વધુ દઢીભૂત થશે. કોંગ્રેસને પુનર્જીવિત કરવા માટે માત્ર નહેરુ ગાંધી પરિવારનું જ નેતૃત્વ અનિવાર્ય છે એવી માન્યતા જ કોંગ્રેસનો શતમુખ વિનિપાત નોતરી શકે એમ છે. આગામી સમયગાળામાં અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ થશે. એ જ રીતે ગાય, ગંગાનું માહાત્મય વધશે. સોનિયા ગાંધી કે પ્રિયંકા ગાંધી ગંગાજીમાં ગમે તેટલી ડૂબકીઓ મારશે તો પણ ભાજપના હિંદુત્વને માત નહીં આપી શકે. એમની છાપ લઘુમતીઓનાં સમર્થક તરીકે જ રહેશે. રોબર્ટ વાડ્રા સામે જેલના દરવાજા કઈ ક્ષણે ઊઘડે છે તેની પ્રજાજનો રાહ જોઈ રહ્યા છે. સોનિયા ગાંધી વાડ્રાનાં સાસુ છે એ પણ એમનું મસમોટું માઈનસ પોઈન્ટ છે. બે ઉપાધ્યાયો અને એક કાર્યકારી અધ્યક્ષ પાછા રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કામ કરી કોંગ્રેસનો પુનરોદ્ધાર કરે એ થિયરી જ કેવી હાસ્યાસ્પદ છે!

પોલીસ રીમાન્ડ દરમ્યાન માર મારી શકે નહિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

પોલીસને રીમાન્ડ ઉપર આરોપી કોર્ટ દ્વારા સોંપવામાં આવે એનો મતલબ એ નથી કે પોલીસ આરોપીને માર મારી શકે. પોલીસ આરોપીની પુછપરછ કરી શકે, મુદ્દા માલ શોધી શકે, સંતાડેલ વસ્તુ જપ્ત કરી શકે પરંતુ લોકઅપમાં તેની સાથે જબરજસ્તી કરી શકે નહિ કે માર મારી શકે નહિ.

સામાન્ય જનતાના મનમાં રીમાન્ડ અંગે એક ડર અને માન્યતા છે જો આવું વિચારતા હોય કે પોલીસ રીમાન્ડમાં લે એટલે તેને મારવાનો હક્ક મળે છે અને પોલીસ તહોમતદારને મારે છે તો તે માન્યતા ભુલ ભરેલ છે રીમાન્ડ એટલે એક કાયદાકિય પ્રક્રિયા છે.

પોલીસ રીમાન્ડ એ તપાસની એક કાયદાકિય પ્રક્રિયા છે. જેમાં આરોપીની ધરપકડ કર્યા પછી ગુન્હા સબંધીત બાબતમાં આરોપીની પુછપરછ કરવા તેના રીમાન્ડ માંગવામાં આવે છે. રીમાન્ડ એ કાયદાકિય માહિતી જાણકારી મેળવવા માટે ધરપકડ, પોલીસ કસ્ટડી અને જયુડીશ્યલ કસ્ટડી આ ત્રણ શબ્દનો અર્થ સમજવો પડે.

ધરપકડ એટલે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ કોઈ ગુન્હામાં પોલીસ તરોમતદાર વ્યક્તિની સી.આર.પી.સી. કલમ ૪૬ મુજબ અટકાયત કરે તેને કાયદાની ભાષામાં ધરપકડ કહેવાય છે.

ધરપકડ એટલે પોલીસ તહોમતદાર વ્યક્તિનો શારિરીક કબજો મેળવી લે તે ધરપકડના કિસ્સામાં પોલીસ કોઈ વ્યક્તિને ૨૪ કલાક કરતા વધુ સમય પોતાના કબજામાં રાખી શકતા નથી. ટુંકમાં આરોપીની ધરપકડ કર્યા પછી પોલીસે ધરપક કર્યાના ટાઈમથી ૨૪ કલાકમાં કોર્ટમાં ન્યાયાધિશ સમક્ષ ફરજીયાત રજુ કરવો પડે છે.

પોલીસ કસ્ટડી એટલે સી. આર. પી. સી. કલમ ૪૬ મુજબ જયારે કાયદેસર રીતે કોઈ આરોપીની ધરપકડ થાય ત્યારે તેને પોલીસ કસ્ટડી કહેવાય છે. પોલીસ કસ્ટડી એટલે વ્યક્તિનો પોલીસ ઉપર કબજો હોવો તે ટુંકમાં કાયદા મુજબ પોલીસ કોઈપણ ગંભીર ગુન્હાના આરોપીની ધરપકડ કરે તો પણ વધુમાં વધુ તેને ૨૪ કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રાખી શકાય છે ૨૪ કલાક પછી પોલીસ તહોમતદારને પોતાની પાસે પોતાના કબજામાં રાખી શકતી નથી પોલીસ કસ્ટડી એટલે આરોપીને લોકઅપમાં મુકે તે.

જયુડીશ્યલ કસ્ટડી એટલે તહોમતદાર વ્યક્તિ પોલીસના કબજામાં ૨૪ કલાક પૂર્ણ કરે એટલે તેને ન્યાયાધિશ સમક્ષ ત્રણ કાર્યવાહી થઈ શકે (૧) તહોમતદારને જામીન આપવામા આવે (૨) તહોમતદારને જેલમાં મોકલવામાં આવે (૩) તહોમતદારને રીમાન્ડ મળે. તહોમતદારને જેલમાં મોકલવાનો આદેશ કરવામાં આવે આ સંજોગોમાં જો તહોમતદારને જામીન કે રીમાન્ડ પણ ન મળે તો આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલ્યો કહેવાય. જયુડીશ્યલ કસ્ટડીમાં વ્યક્તિનો કબજો કોર્ટ પાસે હોય એટલે કે જેલમાં હોય.

પોલીસ રીમાન્ડ એટલે ગંભીર ગુન્હો હોય તો પણ આરોપીને ૨૪ કલાકથી વધારે સમય પોલીસ પોતાના કબજામાં રાખી શકતી નથી પોલીસ ૨૪ કલાક દરમ્યાન આરોપીને જે પુછપરછ કરવાની હોય તે પુરી કરવી પડે પરંતુ ખુન, લુટ, બળાત્કાર અથવા ગંભીર ગુન્હામાં ૨૪ કલાકમાં આરોપીને સાથે રાખી સ્થળ તપાસ કરવા બહારગામ પણ લઈ જવો પડે છે. ગુન્હાવાળી જગ્યાની તપાસ પર જવાનું થાય છે કેટલાક કિસ્સામાં આરોપીની મેડિકલ તપાસ કરવાની હોય છે અને અમુક કેસમાં આરોપી રીઢો હોય પોલીસને તપાસમાં સહકાર ના આપીને ૨૪ કલાકનો સમય વેડફી નાંખતો હોય છે. આવા કિસ્સામાં પોલીસને આગળની તપાસ કરવા આરોપીને સાથે રાખવાની જરૂર પડે છે પરંતુ ૨૪ કલાકથી વધુ પોલીસ પોતાની પાસે રાખી ન શકે માટે પોલીસ કોર્ટ પાસે વધુ દિવસો માટે રીમાન્ડ પોલીસ કસ્ટડીની માંગણી કરે છે જેને સામાન્ય્ ભાષામાં રીમાન્ડ કહીએ છીએ.

રીમાન્ડના નિયમો મુજબ ગુન્હાની તપાસ માટે ૨૪ કલાકનો સમય ઓછો પડે અને આગળની વધુ તપાસ માટે પોલીસ આરોપીને પોતાની પાસે રાખવા માંગતી હોય ત્યારે પોલીસ એક અરજી લખીને ન્યાયાધિશ પાસે પોલીસ કસ્ટડીની માંગણી કરે છે.

કોઈપણ સંજોગોમાં ન્યાયાધીશ ૧૫ દિવસ કરતા વધુ સમયના રીમાન્ડ એટલે કે પોલીસ કસ્ટડી મંજુર કરી શકે નહિ.

રીમાન્ડ એટલે પોલીસની કસ્ટડી દરમ્યાન પોલીસ આરોપી પાસે કબુલાત કરવા મારપીડ કરી શકે નહિ. રીમાન્ડ દરમ્યાન ૪૮ કલાકે આરોપીનું સરકારી દવાખાનામાં મેડિકલ કરવું જરૂરી છે તેમજ રીમાન્ડ પુરા થયે કોર્ટમાં એ મેડિકલ સર્ટી રજુ કરવું પડે છે. કોઈપણ કેસમાં રીમાન્ડ માંગવા તે બાબત કેસ અને પોલીસ અધિકારી ઉપર નિર્ણય કરે છે કાયદામાં કોઈ નિર્દોષ નથી.

પોલીસની અરજી ઉપર કોઈપણ કેસમાં રીમાન્ડ આપવા કે ન આપવા તે ન્યાયાધિશની વિવેક બુધ્ધી ઉપર નિર્ણય કરે છે. કાયદામાં કોઈ સ્પષ્ટ માર્ગદર્શકા નથી.

ઘણી વખત બીન જરૂરી રીમાન્ડ માંગવામાં આવે છે ઘણ કેસમાં ફોર્માલીટી માટે રીમાન્ડ માંગવામાં આવે છે કોર્ટ ૩, ૫, ૧૧ કે ૧૫ દિવસના રીમાન્ડની મંજુરી આપી શકે છે. વધુ તપાસ કરવાની હોય તો મુદત પુરી થયે રીમાન્ડ લંબાવવા અરજ આપવી પડે છે. રીમાન્ડમાં પોલીસને મારવાનો અધિકાર નથી પણ વધુ તપાસ કરવાની સત્તા છે.

એવા કોઈ દિલદાર જગતમાં નજર આવે; આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

જો જીવનમાં જીતવું જ હોય તો કોઈની
મદદ કરવાની હરિફાઈમાં દોડજો...
જરૂર જીતી જશો
કારણ કે ત્યાં ખૂબ ઓછા લોકો ભાગ લે છે...!!

આજના આ સમયમાં બહારથી બધું જ બરાબર દેખાતું હોય છે. જયારે અંદરથી બધું ખાલીખમ હોય છે. આવા આ સમયમાં મજામાં હોવાનો અર્થ કશુંક ગુમાવી દેવાના ડર કે અસલામતી વગર જે મળ્યું છે તેની ઉજવણી કરવાનો છે. ખરેખર તો મજામાં હોવું એટલે કોઈ પણ વળતરની અપેક્ષા વગર લોકોને મદદ કરી શકવી અને એ વાતનું અભિમાન ન આવવું. આપણે જો શાંતિથી વિચારીએ કે આખાયે દિવસ દરમિયાન આપણે કેટકેટલા લોકોની મદદ લેતા હોઈશું. સવારે છાપા નાખવા આવનાર વ્યક્તિથી શરૂ કરીને રાત્રે સોસાયટીમાં ધ્યાન રાખતા સતત જાગતા રહેતા ચોકીદાર કાકા સુધીના તમામેતમામના આપણે આભારી રહેવું જોઈએ. ઈનુસભાઈ વીજળીવાળા લખે છે કે :

ચાર્લ્સ પ્લમ્બ. જેટ ફાઈટર વિમાનનો પાઈલોટ. અમેરિકન નેવીનો એક જવાંમર્દ લડવૈયો. વિયેટનામના યુદ્ધ વખતે 'કિટ હૉક' નામના યુદ્ધ જહાજ પરથી એ પોતાના જેટને લઈને ઊડતો અને વિયેટનામ પર મોત વરસાવીને પાછો આવતો. પંચોત્તેર વખત એ સફળતાપૂર્વક બોમ્બાર્ડિંગ કરી ચૂક્યો હતો. છોંતેરમી વખત એ પાછો ફરતો હતો ત્યારે ભૂમિ પરથી આકાશમાં છોડાયેલું મિસાઈલ એના ફાઈટર જેટના નીચેના ભાગે ભટકાયું. વિમાનના પેટમાં લાગેલી આગને કારણે ચાર્લ્સ પેરેશૂટ લઈને કૂદી પડ્યો. પડકાયો. અત્યાચારો અને યાતનાનાં છ વરસ વિયેટનામની જેલમાં ગાળ્યા બાદ એને મુક્તિ મળી. આજે ચાર્લ્સ પોતાના યુદ્ધ અને જેલના અનુભવો અંગે અમેરિકામાં લેક્ચર આપે છે.

એક દિવસ ચાર્લ્સ અને તેની પત્ની એક રસ્ટોરાંમાં બેઠાં હતા ત્યારે બાજુના ટેબલ પરથી એક માણસ ઊભો થઈને તેમની પાસે આવ્યો, 'તમે જ મિ. ચાર્લ્સ પ્લમ્બ કે ? તમે 'કિટી હૉક' નામના ઍરક્રાફ્ટ કૅરિયર પરથી બોમ્બાર્ડિંગ કરવા જતા ને ? અને તમારા વિમાન પર મિસાઈલ ઝીંકાયું હતું, ખરું ?

'એકદમ ખરું!' ચાર્લ્સને આશ્ચર્ય થયું. 'પણ તમને આટલી બધી વિગતની કેમ ખબર છે ? તમે મારું લેક્ચર એટેંડ કરેલું ?'

'ના', પેલો માણસ બોલ્યો, 'મેં તમારું પેરેશૂટ પૅક કરેલું ! મારું છું કે એણે બરાબર કામ આપ્યું હશે !'

'અરે ! એકદમ સરસ. અને એના લીધે જ હું અત્યારે અહીં જીવતો બેઠો છું. નહીંતર વિમાનની જોડે જ...!' ચાર્લ્સ અભિભૂત થઈ ગયો. 'તમારો ખૂબ જ આભાર!'

'અરે, એમાં આભારની શું વાત છે. એ તો મારી ફરજ હતી. ચાલો ત્યારે, ફરી કયારેક મળીશું!' પેલા માણસ એટલું બોલ્યા. પછી બંને હાથ મિલાવીને છૂટા પડ્યા.

બસ આટલી જ વાત, પરંતુ એ રાત્રે ચાર્લ્સને ઊંઘ ન આવી. આખી રાત એ વિચારતો રહ્યો કે જેટ ફાઈટરના એક સફળ અને અભિમાની પાઈલોટ તરીકે એણે 'કિટી હૉક' ના તૂતક પર પેરેશૂટ પૅક કરનાર પેલા મજૂર માણસની કયારેય નોંધ પણ લીધી હતી ખરી? કેટલી બધી વાર એ સામો મળ્યો હશે. એને કયારેય 'ગુડ મોર્નિંગ' કહ્યું હતું ખરું ? અરે, એક જ જહાજ પર હોવા છતાં એ માણસની એના મગજે નોંધ પણ નહોતી લીધી. પણ તેણે જો એનું પેરેશૂટ બરાબર પૅક જ ન કર્યું હોત તો? જયારે એ મજૂર માણસ કલાકોના કલાકો જહાજના ભંડકિયામાં બેસીને કાળજીપૂર્વક પેરેશૂટની રેશમી દોરીઓ વણીને બરાબર પૅક કરતો હશે ત્યારે પોતાના જેવા કંઈ કેટલાય સૈનિકોની જિંદગીને બચાવવાનો મોકો પણ પૅક કરી રહ્યો હશે ને ? અને એ પણ એવા સૌનિકો કે જેને એ જાણતો પણ નહીં હોય !

એ પછી પોતાના દરેક લેકચરમાં ચાર્લ્સ એવું પૂછતો થઈ ગયો, 'તમને સૌને ખબર છે કે તમારું પેરેશૂટ કોણ પૅક કરે છે?'

આપણે આપણી જિંદગીમાં કેટકેટલાં પેરેશૂટનો ઉપયોગ કરવો પડતો હોય છે તે કયારેય વિચારીએ છીએ ખરાં ? શારીરિક પેરેશૂટ, માનસિક પેરેશૂટ, આધ્યાત્મિક પેરેશૂટ, લાગણીનું પેરેશૂટ વગેરે કંઈ કેટલાંયે ! આ બધા પેરેશૂટો આપણા માટે પૅક કરનારા સૌને આપણી જાણીએ છીએ ખરા ? એમનો કયારેય ખરા દિલથી આભાર માનીએ છીએ ખરાં ? આપણા કે બીજા કોઈના માટે પણ સારું કામ કરનારને આપણે અભિનંદન આપીએ છીએ ખરા ? નથી લાગતું કે વ્યવહારના તાણાવાણાઓને થોડાક સરખી રીતે ગોઠવવાની જરૂર છે ? તો ચાલો, આપણા રોજિંદા જીવનમાં એક વાતનું હંમેશાં ધ્યાન રાખતા રહીએ કે... આપણું પેરેશૂટ કોણ પૅક કરે છે ?

- ઈનુસભાઈ વીજળીવાળા

Last Seen :
'એવા કોઈ દિલદાર જગતમાં નજર આવે;
આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.
હમદર્દ બની જાય જરા સાથમાં આવે;
આ શું કે બધા દૂરથી રસ્તા જ બતાવે !'

nehalgadhavi101@gmail.com

નેહરુ-સરદારની જોડી પછી દેશમાં મોદી-શાહની જોડી પ્રભાવ પાથરશે



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

આખરે ૩૦ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતની કૅબિનેટના તમામ સભ્યોએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા અને ૩૧ મેના રોજ કેન્દ્રના કુલ ૫૮ પ્રધાનોનાં ખાતાંની ફાળવણી થઈ ગઈ એટલે હવે ભારત સરકાર કામે વળી ગઈ છે. ગુજરાતના પનોતા-પુત્ર અને વારાણસીથી લોકસભામાં ચૂંટાયેલા મોદીની સરકારમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ગૃહમંત્રી બન્યા એનું સવિશેષ મહાત્મ્ય છે. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડી હતી એવી જ જોડી મોદી અને શાહની ગણી શકાય. એમ તો જનસંઘ-ભાજપની અટલબિહારી વાજપેયી અને લાલકૃષ્ણ આડવાણીની જોડી પણ કેટલાક દાયકાઓ સુધી ભારતીય રાજકારણમાં છવાયેલી રહી. પ્રથમ ગૃહમંત્રી વલ્લભભાઈ પછી ગુજરાતના જ સાંસદ ગુલઝારી લાલ નંદા, હીરુભાઈ (એચ.એમ.) પટેલ અને આડવાણી દેશના ગૃહમંત્રી રહી ચૂક્યા છે, પણ ભારત સરકારમાં પહેલીવાર જોડાઈને ગૃહમંત્રી બનનારા અમિતભાઈ ગુજરાતમાં મોદી સરકારમાં પણ ગૃહ રાજ્યમંત્રી રહ્યા છે. બંને વચ્ચે સમજણના સેતુ પણ છે. અગાઉ ગુજરાતથી દિલ્હીમાં કેન્દ્ર સરકારમાં જોડાયેલા ગૃહમંત્રી પાંચ વર્ષની મુદત પૂરી કરી શક્યા નથી, પણ શાહ પાંચ વર્ષની મુદત પૂરી કરે એવું જરૂર લાગે છે. ગૃહમંત્રી રાજનાથ સિંહ હવે સંરક્ષણ મંત્રી, વિદેશ સચિવ રહેલા ડૉ.સુબ્રમણ્યમ જયશંકર વિદેશમંત્રી બન્યા અને સંરક્ષણ મંત્રી રહેલાં નિર્મલા સીતારમણ નાણા અને કોર્પોરેટ બાબતોનાં પ્રધાન થયાં છે. બહુબોલા ડૉ.સુબ્રમણિયન સ્વામીના નાણા મંત્રી થવાના અભરખા પર પાણી ફરી ગયું છે.

મનસુખ માંડવિયાનું વજન વધ્યું

ગુજરાતના વરિષ્ઠ નેતા પરસોત્તમ રૂપાલા કરતાં મનસુખ માંડવિયાનું મહત્વ વધ્યું છે. માંડવિયાને વહાણવટાનો સ્વતંત્ર કાર્યભાર સોંપવા ઉપરાંત રસાયણ અને ખાતર વિભાગના રાજ્યમંત્રી બનાવાયા છે. રૂપાલાને કૃષિ અને ખેડૂત કલ્યાણના રાજ્યમંત્રી જાળવવામાં આવ્યા છે. કિરણ રિજીજુ ગૃહ રાજ્યમંત્રી તરીકે હતા તેને બદલે યુવક સેવા અને ક્રીડાનો સ્વતંત્ર કાર્યભાર અને લઘુમતી બાબતોના રાજ્યમંત્રી બન્યા છે. મોદીના વિશ્વાસુ મંત્રીઓમાં સ્મૃતિ ઈરાનીને વસ્ત્રોદ્યોગ ઉપરાંત મહિલા અને બાળ કલ્યાણ ખાતું મળ્યું, પ્રકાશ જાવડેકર પાસેથી માનવ સંસાધન ખાતું લઈને તેમને માહિતી અને પ્રસારણ ખાતા ઉપરાંત પર્યાવરણ,વન અને હવામાન પરિવર્તન ખાતું અપાયું છે. નીતિન ગડકરીને પરિવહન અને મહામાર્ગ ઉપરાંત લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ ખાતું અપાયું છે. ગુજરાતના બે પ્રધાનો હરિભાઈ ચૌધરી અને જસવંતસિંહ ભાંભોરને બદલે બીજા કોઈને સ્થાન મળ્યું નથી. જોકે હજુ વિસ્તરણ થશે. મોદીના વડપણવાળી સરકારમાં જોડાવું એટલે રોજ પરીક્ષામાંથી પસાર થવા જેવું છે. જે એમની પરીક્ષામાંથી સુપેરે પાર ના ઉતરે એમને પડતા મૂકાયા છે. બીજા કેટલાક બીમાર નેતાઓને પ્રધાન તરીકે ચાલુ રખાયા નથી. ભવ્ય બહુમતી સાથે ભાજપના વડપણવાળો મોરચો ફરી સત્તામાં આવ્યો છે ત્યારે મોદી સાથે વાંકું પડ્યું હોય કે વધુ બેઠકો માગી હોય તેવા પક્ષ કે તેના પ્રધાનોને લેવાયા નથી. શિવસેના અને અકાલી દળના એકએક કૅબિનેટ પ્રધાન તરીકે અનુક્રમે અરવિંદ સાવંત અને હરસીમરત કૌર બાદલ છે. અપના દળનાં અનુપ્રિયા પટેલ કે જેડી(યુ)ના બિહારી મુખ્યમંત્રી નીતીશ કુમારના પ્રતિનિધિ કેન્દ્ર સરકારમાં નથી. એમનો વારો વડાપ્રધાન કાઢી લેશે. તમિળનાડુ, આંધ્ર પ્રદેશ, કેરળ, મણિપુર, સિક્કિમ, મિઝોરમ, નાગાલેંડ, મેઘાલય અને ત્રિપુરાના લોકસભાના પ્રતિનિધિ કેન્દ્રમાં નથી, પણ આવતા દિવસોમાં એમાંથી લોકસભાના સભ્યો કે રાજ્યસભાના સભ્યો સ્થાન મેળવે તેવું બને. પ્રધાનોની સંખ્યા ૮૨ સુધી જઈ શકે છે.

સત્તાપક્ષ-વિપક્ષ ફરજ બજાવે

ભારતીય બંધારણના ઘડવૈયાઓએ પ્રાચીન ભારતમાં મહાજનપદ અને જનપદ હોવાની વાતને આધારે રાજાશાહીના યુગમાં પણ લોકશાહી ઢબે રાજવીને ચૂંટવાની પરંપરાનો ઉલ્લેખ કર્યો હતો. રાજા નિરંકુશ ના થાય એ માટેની લોકતાંત્રિક વ્યવસ્થા બૌદ્ધકાળમાં કંઈક અંશે હતી. વિશ્વમાં અત્યારના શાસકોમાં લોકશાહીતંત્રમાં પણ ''અવતારી શાસકો'' વધુ જોવા મળે છે.

- **ગુજરાતમાંથી વલ્લભભાઈ, નંદા, હીરુભાઇ, આડવાણી પછી ગૃહમંત્રી તરીકેની જવાબદારી અમિત શાહને**
- **ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા નરેન્દ્ર મોદીએ વિપક્ષ અને સત્તાપક્ષની બેઉ જવાબદારીનું વહન કરવાનું છે**
- **ભાજપ છોડીને મોદીવિરોધી મંચ પર જઈને સ્વહિત કાજે સ્વગૃહે પાછા ફરનારાઓનો ફાલ ખૂબ જ વધ્યો**
- **ભાજપને ૨૩ કરોડ જેટલા (૩૭.૩૬%) મત મળ્યા તો સામે પક્ષે કૉંગ્રેસને ૧૨ કરોડ જેટલા (૧૯.૪૯%) મત**
- **સ્થિતિ જે નિર્માણ થઇ છે એ જોતાં કયો પ્રાદેશિક પક્ષ ક્યારે એનડીએ સાથે ઘર માંડશે એ કહેવું મુશ્કેલ છે**

ભારતમાં લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં વિપક્ષી મોરચાઓ અને પક્ષોને મહાત આપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક અવતારી પુરુષ તરીકે ફરીને ભવ્ય બહુમતી સાથે આવતાં પાંચ વર્ષ માટે સત્તારૂઢ થયા છે. વિપક્ષને બદલે ''ખંડિયા રાજાઓ'' સમા પ્રાદેશિક સૂબાઓ કે રજવાડાઓ સાથે મોદીયુગ સતત લંબાતો જાય એવી શક્યતા વર્તાય છે